પૂર્ણા યોજના અંતર્ગત રાજ્ય, ઝોન અને જિલ્લા કક્ષાએ પૂર્ણા કન્સલ્ટન્ટની સેવાઓ આઉટસોર્સથી મેળવવા બાબત.

**ગુજરાત સરકાર**

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક:WCDD/DRA/e-file/23/2022/0054/B-1

સચિવાલય ગાંધીનગર

**વંચાણે લીધાઃ-**

(1) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૦૧૯/૨૧૪/બ, તા.૧૯/૦૮/૨૦૧૯.

(2) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૦૧૯/૨૧૪/બ-૧, તા૦૨/૦૨/૨૦૨૨

(3) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૦૧૯/૨૧૪/બ-૧, તા.૦૪/૦૨/૨૦૨૨

(4) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: ક્રમાંક:WCDD/DRA/e-file/23/2022/0054/B-તા.૧૩/૦૧/૨૦૨૩

**આમુખ**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી પૂર્ણા યોજનાની કામગીરી માટે રાજ્ય, ઝોન અને જિલ્લા કક્ષાએ પૂર્ણા કન્સલ્ટન્ટની સેવાઓ ૧૧-માસ માટે આઉટસોર્સથી મેળવવાની વર્ષ ૨૦૧૯-૨૦ની નવી બાબત મંજૂર થયેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૨) , (૩) અને (૪) પરના ઠરાવથી પૂર્ણા યોજના હેઠળની કુલ-૪૨ આઉટસોર્સની સેવાઓ તા.૩૦/૧૧/૨૦૨૩ સુધી લંબાવવામાં આવેલ હતી. પૂર્ણા યોજનાની કામગીરી માટે રાજ્ય, ઝોન અને જિલ્લા કક્ષાના ઉક્ત ૪૨ પૂર્ણા કન્સલ્ટન્ટની આઉટસોર્સની સેવાઓ વધુ ૧૧-માસ માટે લંબાવવાની બાબત વિચારણા હેઠળ હતી.

//ઠરાવ//

પૂર્ણા યોજનાની કામગીરી માટે રાજ્ય, ઝોન અને જિલ્લા કક્ષાના નીચે દર્શાવેલ ૪૨ કન્સલ્ટન્ટની આઉટસોર્સની સેવાઓ મુદત પૂર્ણ થયા તારીખથી વધુ ૧૧-માસ માટે એટલે કે તા.૩૧/૧૦/૨૦૨૪ સુધી સરકાર માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની આથી મંજૂરી આપવામાં આવે છે:

| ક્રમ | જગ્યાનુ નામ | જગ્યાની સંખ્યા | માસિક વેતન રૂ. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સ્ટેટ પૂર્ણા કન્સલ્ટન્ટ | ૧ | ૪૫,૦૦૦/- |
| ૨ | રિજનલ પૂર્ણા કન્સલ્ટન્ટ | ૩ | ૪૦,૦૦૦/- |
| ૩ | ડિસ્ટ્રીક્ટ પૂર્ણા કન્સલ્ટન્ટ | ૩૮ | ૨૫,૦૦૦/- |
| | કુલ | ૪૨ | |

૨/- ૧૧-માસ બાદ આ જગ્યાઓની સેવાઓ ચાલુ રાખવાની જરૂર જણાય તો આ વિભાગ મારફત નાણા વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

૩/- ઉપર્યુક્ત કોષ્ટક કોલમ ૪ માં દર્શાવેલ વેતન વધારો વિભાગની સમાનાંકી ફાઇલ પર નાણા વિભાગની નોંધ પર મંજૂરી મળ્યા તારીખ (તા.૦૮/૦૨/૨૦૨૪) થી લાગુ પડશે. તથા એ પહેલાના સમયગાળા માટે વંચાણે લીધા ક્રમાંક (૪) થી જે વેતન નિયત કરવામાં આવેલ હતું તે મળવાપાત્ર રહેશે.

૪/- આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૮/૦૨/૨૦૨૪ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**કૃણાલ હિંગુ**

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

2. કમિશ્નરશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

3. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.........................
4. નાયબ નિયામકશ્રી વિભાગીય, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ.
5. પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.........................
6. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
7. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
8. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
9. નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
10. સિસ્ટમ મેનેજરશ્રી, ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
11. શાખા સિલેક્ટ ફાઇલ.